**ડાયરેક્ટ ❤ સે**

દૂરથી નજીક આવવું
સહેલું છે
નજીકથી પાસે આવવું
અઘરું છે

## જન્મદિને વધામણી



ડો. ઈશાની અતુલકુમાર શાહ
મો. ૨૩૨૧૦૪૯૫



આરવ સાગરકુમાર દવે
મો. ૭૬૦૦૦ ૫૭૦૩૦



વિવાન જિગર પટેલ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે સ્વચ્છતા પખવાડિયું ઉજવાયું




વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી તાજેતરમાં કરવામાં આવી હતી. પ્રત્યેક વિદ્યાર્થીઓએ આ પખવાડિયા દરમિયાન વિવિધ સ્વચ્છતા પ્રવૃત્તિમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને પખવાડિયાના અંત ભાગમાં સ્વચ્છતા માટેના શપથ પણ ગ્રહણ કર્યા હતા.

# બાળકોની સુરક્ષાનાં ધોરણો જાળવવા શાળાઓને સૂચના

## બાળકોની સલામતીને પ્રાધાન્ય નહીં અપાય તો શાળાઓ સામે માન્યતા રદ કરવા જેવા પગલાં ભરાશે : શિક્ષણ બોર્ડ અધ્યક્ષ એ જે શાહ

ગાંધીનગર, તા. ૧

રાજ્ય સરકારે શાળાઓમાં સલામતીના ધોરણો ચુસ્તપણે જળવાય તે માટે ખાસ પગલાં ભર્યા છે. શાળાનું વાતાવરણ બાળકોને શિક્ષણકાર્યમાં મદદરૂપ બને, બાળકોનો સર્વાંગી વિકાસ થાય અને બાળકોની સલામતી જળવાય તે શાળાની ફરજ છે. આ સંદર્ભમાં ભારત સરકારે પણ સૂચનાઓ આપી છે, ત્યારે રાજ્યના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ એ.જે. શાહે રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને બાળકોની સલામતી માટે નિર્દિષ્ટ કાર્યવાહી શાળા સંચાલકો-આચાર્યો તાત્કાલિક અમલમાં મૂકે તે માટે પગલાં ભરવા જણાવ્યું છે.

અધ્યક્ષ શાહના જણાવ્યા પ્રમાણે તાજેતરમાં કેટલાંક રાજ્યોમાં બાળકોની સલામતી જોખમાય તેવા બનાવો બન્યા છે. સુપ્રિમ કોર્ટમાં બાળકોની સલામતી સંદર્ભે તાજેતરમાં પીટીશન દાખલ કરાઈ છે. આ સંદર્ભે રાઈટ-ટુ-એજ્યુકેશન એક્ટ-૨૦૦૯માં જોગવાઈઓ પણ છે. આ ઉપરાંત ધી નેશનલ બિલ્ડીંગ કોડ ઓફ ઈન્ડિયા-૨૦૦૫માં શાળા બિલ્ડીંગનું સલામત બાંધકામ તેમજ સુપ્રિમ કોર્ટે વખતો વખત આપેલા ચુકાદા અનુસાર બાળકોની સલામતી માટે શાળાઓએ કેટલાંક પગલાં તાત્કાલિક અસરથી ભરવાના હોય છે. આ પગલાંઓમાં શાળા સંકુલ-સ્કૂલ કર્મચારીઓનું વેરીફીકેશન સંબંધિત પોલીસ સ્ટેશન પાસે કરાવવાનું. તમામ સ્ટાફના વિચારોનું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ કરાવવું, જેમાં નોન ટીચીંગ સ્ટાફ, ડ્રાઈવર, કંડક્ટર, પટાવાળા, માળી અને સુરક્ષા કર્મચારીઓને પણ આવરી લેવા અને તેઓના નામ-સરનામાં અને ફોટા સાથે ડેટાબેઝ રાખવો. શિક્ષકો સહિત સ્કૂલમાં કામ કરતા તમામને આઈ-કાર્ડ આપવા જે ફરજિયાત સાથે લટકાવીને રાખવા. બાળકો સાથે સારો વ્યવહાર કરવા માટેની તાલીમ શિક્ષકો, વહીવટી સ્ટાફ તથા તેઓનું ટ્રાન્સપોર્ટેશન કરવા વાહનના કર્મચારીઓને આપવાની રહેશે. જેની જવાબદારી શાળાના આચાર્યની રહેશે. શાળામાં આવતા બાળકોને લાવવા-લઈ જતા ખાનગી વાહનો જેવા કે રિક્ષા કે વાનમાં વધુ સંખ્યા ન ભરાય તે જોવાની જવાબદારી શાળા સંચાલકની રહેશે. સંજોગોવશાત વાન કે રિક્ષામાં વધુ બાળકો બેસેલા જણાય તો તે અંગે સંચાલકે આર.ટી.ઓ.ને તુરંત જાણ કરવી. બાળકોને પરિવહનની વ્યવસ્થામાં પણ જરૂરી સુનિશ્ચિત સલામતીના નિયમો નક્કી કરવા. તમામ શાળામાં વર્ગ-૪ના કર્મીઓ માટે અલગ ટોઈલેટ અને વોશરૂમ ફરજિયાત બનાવવા. શાળાના તમામ સ્થળોએ જેવા કે, લોબી, પરિસરમાં સીસીટીવી કેમેરા ગોઠવવા અને સમયાંતરે તેની ચકાસણી કરવી. શાળાના ગેટ આગળ વીઝીટ બુક રાખવી અને વીઝીટરની જાણકારી મેળવવી. આ જગ્યાએ સીસીટીવી કેમેરા ગોઠવવા. બાળકોની સુરક્ષા માટે વાલીઓ / શિક્ષકો / વિદ્યાર્થીઓની સમિતિની રચના કરવી અને તેની દર માસે મીટીંગ થાય, મીટીંગની નોંધ રાખવી અને તેના પ્રતિભાવો લેતા રહેવું. જે શાળાની બાઉન્ડરી વોલ નીચી હશે તેની ઉંચાઈ વધારીને ૬ ફૂટ કરવાની રહશે. ખાલી ઓરડાની ચાવી આચાર્યએ પોતાની પાસે રાખવી. જેવાં પગલાં ઉપરાંત સલામતી સંદર્ભે જે આવશ્યક હોય તેવા તમામ પગલાં ભરવા જણાવ્યું છે.

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન

# ફેકલ્ટી ઓફ એજ્યુકેશન દ્વારા ગરબા મહોત્સવની ઉજવણી



કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશન, સેક્ટર-૨૩, ગાંધીનગરની એસ એસ પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આર એચ પટેલ ઈંગ્લિશ મીડિયમ બીએડ કોલેજ અને વકીલ શ્રી ડી એચ પટેલ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન દ્વારા તાલીમાર્થીઓ માટે ગરબા મહોત્સવ અને મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓએ ટ્રેડિશનલ ડ્રેસમાં સજ્જ થઈ ગરબાની રમઝટ બોલાવી હતી. આ પ્રસંગે ફેકલ્ટી ઓફ એજ્યુકેશનના ડીન પ્રો. ડૉ. વીણાબેન પટેલ, કોલેજના એચઓડી, અધ્યાપકો અને બિનશૈક્ષણિક કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ખેલ મહાકુંભ ફેન્સિંગ સ્પર્ધામાં ચૌધરી કન્યા વિદ્યાલય વિજયી

ગાંધીનગર, તા. ૧

સુરેન્દ્રનગર જિલ્લાના લીમડી ગામે રાજ્યકક્ષાની ખેલ મહાકુંભ સ્પર્ધા અંતર્ગત ફેન્સિંગની સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય,સેક્ટર-૭, ગાંધીનગરની વિદ્યાર્થીનીઓએ શાનદાર પ્રદર્શન કરી આ સ્પર્ધા જીતી લીધી હતી. શીતલ હરચંદભાઈ ચૌધરીએ પ્રથમ ફોઈલ, અલકા નારણભાઈ ચૌધરીએ દ્વિતિય ફોઈલ, નિશા ફલજીભાઈ ચૌધરીએ તૃતિય ફોઈલ, હેમાંગી હરેશભાઈ ચૌધરીએ દ્વિતિય ઈપી, સેજલ ચંદુભાઈ ચૌધરી તૃતિય સેબર, મનિષા ગોવિંદભાઈ ચૌધરીએ તૃતિય ઈપી અને સેજલ શિવરામભાઈ ચૌધરીએ તૃતિય સેબર પ્રાપ્ત કરીને શાળાને ગૌરવ અપાવ્યું હતું. તમામ ખેલાડી વિદ્યાર્થીનીઓ અને માર્ગદર્શક હેતલબેન, વિનાક્ષીબેન, લીલાબેનને આચાર્ય સંતોકબેન ચૌધરી અને સુપરવાઈઝર ચારુલબેન, વર્ષાબેન અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# એસ જી સ્કૂલ દ્વારા ‘ઈસરો’ની મુલાકાત



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના ધો. ૮ના એ, બી, સી, ડી, ઈ એમ બધા જ વર્ગના બાળકોએ અમદાવાદમાં સેટેલાઈટ ખાતે આવેલ ઈસરોની મુલાકાત લીધી હતી. અહીં વિદ્યાર્થીઓએ ઉપગ્રહો વિષે માહિતી મેળવી હતી તેમજ કયા કયા કેન્દ્રોમાંથી ઉપગ્રહ છોડવામાં આવે છે તે અંગે તેમજ ઉપગ્રહના ઈંધણ વિષે પણ માહિતી મેળવી હતી. વિદ્યાર્થીઓ સાથે શાળાના શિક્ષકો પણ આ વિશેષ મુલાકાતમાં જોડાયા હતા.

# ગાંધી પોતે સાધુ-મહાત્મા તોય મનુષ્ય





**પ્રસંગસર**
સતીષ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

ગાંધી પોતે તો સાધુ હતા, મહાત્મા હતા પણ તોય મનુષ્ય હતા. ગાંધીવિચારના ચાર આધારસ્તંભ: સાદગી, અહિંસા, શ્રમનું ગૌરવ અને માનવતા. આ વિચારોને તેઓ જીવનમૂલ્યો અને વિચારમૂલ્યો સમજી તેને આચરીને તે મુજબ જીવન જીવીબતાવ્યું અને તેમાંથી સમગ્ર દેશે પ્રેરણા લીધી. ગરીબ અને સાવ તરછોડાયેલા વર્ગની સેવાકરી.

તેમણે જણાવ્યું કે અહિંસા એ મનુષ્યજાતિની પાસે પડેલી પ્રબળ શક્તિ છે. જે પ્રચંડ શસ્ત્રો કરતાં પણ વધી જાય તેમ છે. દરેક ક્ષેત્રમાં ન્યાયી વર્તાવના પાયા ઉપર અહિંસા ઉભી છે. જેમ હિંસાની તાલીમ લેવા મારતાં શીખવું પડે છે તેમ અહિંસાની તાલીમને સારુ મરતાં શીખવું પડે છે. બહારના ભયથી બચવા હિંસાની જરૂર છે જ્યારે આત્માની, સ્વમાનની રક્ષા માટે અહિંસાની જરુર છે. અહિંસા ભયમુક્ત છે. અહિંસાનો ઉપાસક અપરિગ્રહી હોવો જોઈયે. જમીન જાય, ધન જાય,શરીર જાય તેની તેને દરકાર ન હોવી જોઈયે. અહિંસા એ સર્વદેશીય સિદ્ધાંત છે. તેને પ્રતિકૂળ પરિસ્થિતિ મર્યાદિત કરી શક્તી નથી.

સત્ય,અહિંસા અને આંતરરાષ્ટ્રીય શાંતિ વિશે ગાંધીજીએ પોતાના વૈશ્વિક વિચારો રજુ કર્યા. તે મુજબ રાષ્ટ્રોની અંગભૂત વ્યક્તિઓમાં પરસ્પર આદરભાવ હોય છે તેથી જ તે રાષ્ટ્રો સુઘટિત બને છે.આત્મા, કુટુંબ, દેશ અને જગત એ ચાર પ્રત્યે જુદા જુદા ધર્મ નથી. રાષ્ટ્રનો કાયદો એ કુટુંબના કાયદા જેવો જ છે. અને તે જ રીતે તે વિશ્વના ફલક પર વ્યાપી શકે છે. ગાંધીજી કહેતા હતા કે ‘ હું કેવળ માનવ નામથી ઓળખાતાં પ્રાણીઓ સાથે જ નહીં, ધરતી પર સળવળતાં ક્ષુદ્ર જંતુઓ સાથે પણ મારું તાદાત્મ્ય યા મારી એકતા સાધવા ચાહું છું.' રાષ્ટ્રવાદ હકીકતરૂપ બનાવવા માટે માણસે પહેલા રાષ્ટ્રવાદી બનવું પડે છે. અને આવા જુદા જુદા દેશના રાષ્ટ્રવાદી લોકો સંગઠિત થઈ એક વ્યકિતની પેઠે કાર્ય કરે ત્યારેઆંતરરાષ્ટ્રીયવાદ શક્ય બને. રાષ્ટ્રની સેવા કરતાં કરતાં જગતની સેવાના સિદ્ધાંતને સ્વીકારીયે તો જગતમાં શાંતિ સ્થપાશે. હાલમાં, સંકુચિતત, સ્વાર્થીવૃત્તિ તેમજ બીજાને ભોગે લાભ મેળવવાને તથા તેના વિનાશ દ્વારા પોતાનો ઉત્કર્ષ સાધવા માગે છે. દેશને સ્વતંત્રતા જોઈયે છે પણ બીજાઓને ભોગે.

માણસ જેટલો સ્વાવલંબી છે તેટલો જ પરાવલંબી છે. જો તે પરાવલંબી ન હોય કે કોઈની જરૂર ન પડે તેવી સ્થિતિમાં આવી જાય તો તે મહા અહંકારી બની જાય છે. તેથી માણસને સમાજનો આશ્રય કે પરાવલંબી હોવું જરૂરી છે. તે તેને નમ્ર બનાવે છે. સમાજમાં રહેતા માણસને કુટુંબના આશરા વગર ચાલી ન શકે અને તેથી આગળ જઈને વાત કરીએ તો પડોશી અને પછી રાષ્ટ્ર વગર પણ ન ચાલે. ‘ વસુધા માત્ર કુટુંબ છે ’ એ મહાવાક્ય આ ઉપરથી આવ્યું. ગાંધીજી એ કીધું કે ‘ રાજયે નિર્માણ કરેલી સરહદોને પેલે પારના આપણા પાડોશીઓને આપણી સેવા આપવાને કશી સીમા નથી. ઈશ્વરે કદી પણ એવી સરહદો સરજી નથી. 'ગાંધીજી ભારત-પાકિસ્તાનની વહેંચણીને “ બે ભાઈઓ વચ્ચેનીએ વહેંચણી કહેતા હતા. એક જ કુટુંબના ફરજંદો, ધર્મપલટાને કારણે એકબીજાથી અસંતુષ્ટ બનીને, જુદાં થવાને ઈચ્છે તો તેમ કરી શકે છે, પરંતુ એ અંદર અંદરનું જુદા થવાનું હોય, આખી દુનીયાની નજરનું જુદા પડવાનું ન હોય. ” ગાંધીજીનો અસહકાર અંગ્રેજો કે પસ્ચિમ સાથે નહોતો. ઈગ્લેંડને તેઓ હરાવવા કે તેની માનહાનિ કરવા નહોતા માગતાં. તેમના પ્રત્યે સહાનુભૂતિ હતી. પણ તેમનો વિરોધ અંગ્રેજોએ દાખલ કરેલ રાક્ષસી લોભ અને નબળી પ્રજાને લૂટવાના,ગરીબોને મારવાના કાયદાઓ, શરતો- પ્રથા સામે હતો.સેંટ પૉલના દેવળને થયેલ ઈજાને કારણે થયેલા દુ:ખને તેઓએ કાશી વિશ્વનાથ કે જુમા મસ્જિદને નુકશાન થાય અને જેટલું દુ:ખ થાય તેટલા દુ:ખ સાથે સરખાવતાં પોતાનો જીવ અર્પણ કરીને પણ આ ધર્મસ્થાનોની રક્ષા કરવા કીધું.

ગાંધીજી કહેતા કે ‘ જગતમાં સ્થાયી શાંતિ સ્થાપવી અશક્ય છે એમ માનવું મનુષ્યસ્વભાવમાં દૈવી અંશ નથી એમ માનવા બરોબર છે...(પણ) સાચી દાનતનો અભાવ છે.’ જગતના મહારાજ્યો પોતાના સામ્રાજયવાદી મનોરથ છોડી પોતાની પાસે જે સંહારના સાધનો હોય તેનો ઉપયોગ અને આત્મઘાતી હરિફાઈ છોડી દે તો કાયમી શાંતિ સ્થપાયા વગર રહે નહીં. શસ્ત્ર સંન્યાસ, અહિંસાના સિદ્ધાંતનો બિનશરતી સ્વીકાર, સત્યનું આચરણ , પડોશીની સેવા, માનવતા,આદરભાવ,નૈતિકતા, ‘યથા પિંડે તથા બ્રહ્માંડે 'નો ન્યાય, મૈત્રી, ન્યાયનો સિદ્ધાંત જેવા સાધુમય વિચારો દ્વારા રાષ્ટ્રો સુઘટીત બને.



**ડેઈલી કરંટ**
દર્શન મારૂ
95862 87447

(૧) તામિલનાડુના નવા રાજ્યપાલ પદે કોની વરણી કરવામાં આવી છે ?
(એ) સત્યપાલ મલિક
(બી) સી. વિદ્યાસાગર રાવ
(સી) પી. સદાશિવમ
(ડી) બનવારીલાલ પુરોહિત

(૨) તાજેતરમાં કયા પીઢ અભિનેતા અને જાણીતા પત્રકારનું નિધન થવા પામ્યું છે ?
(એ) ટૉમ ઑલ્ટર (બી) ટૉમી ઑલિટન
(સી) ટૉમ જેમ્સ (ડી) ટૉમી એલીસ્ટર

(૩) બિહારના નવા રાજ્યપાલ પદે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
(એ) બ્રિજેશ કુમાર (બી) સત્યપાલ મલિક
(સી) રાજન કુમાર (ડી) જગદીશ મુખી

(૪) બી ડી મિશ્રા કયા રાજ્યના નવા રાજ્યપાલ પદે નિયુક્ત થયા છે ?
(એ) આંધ્રપ્રદેશ (બી)આસામ
(સી) મેઘાલય (ડી) અરૂણાચલ પ્રદેશ

(૫) વિશ્વ ન્યૂરોલોજી સંઘના અધ્યક્ષ પદે કોની વરણી કરાઈ છે ?
(એ) ડૉ. ચંદ્રદેવ મિશ્રા (બી) ડૉ. ચંદ્રશેખર મેશ્રામ
(સી) ડૉ. વિશ્વનાથ પ્રસાદ (ડી) ડૉ. ચંદ્રસ્વામી અય્યર

(૬) વિશ્વના સ્પર્ધાત્મક અર્થતંત્રોમાં ભારતનો ક્રમ કેટલામો નોંધાયો છે?
(એ) ૪૦મો (બી) ૪૧મો
(સી) ૪૨મો (ડી) ૪૩મો

(૭) ફોર્ચ્યુન મેગેઝીનની મોસ્ટ પાવરફુલ વુમનની યાદીમાં કેટલી ભારતીય મહિલાઓને સ્થાન આપવામાં આવ્યું છે ?
(એ) ૧ (બી) ૨
(સી) ૩ (ડી) ૪

(૮) ફોર્ચ્યુન મેગેઝિનની મોસ્ટ પાવરફુલ વુમનની યાદીમાં પાંચમો ક્રમ કઈ ભારતીય મહિલાને આપવામાં આવ્યો છે ?
(એ) અરૂંધતી ભટ્ટાચાર્ય (બી) શિખા શર્મા
(સી) ચંદા કોચર (ડી) કિરણ મજમુદાર

(૯) મેઘાલયના નવા રાજ્યપાલ પદે કોની વરણી કરવામાં આવી છે ?
(એ) જગદીશ મુખી (બી) ગંગા પ્રસાદ
(સી) બલરામજીદાસ ટંડન (ડી) કે કે પોલ

(૧૦) આંદામાન અને નિકોબારના ઉપ રાજ્યપાલ પદે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
(એ) દેવેન્દ્ર શર્મા (બી) દેવેન્દ્ર પ્રસાદ
(સી) દેવેન્દ્ર કપૂર (ડી) દેવેન્દ્ર જોષી